**C. C. No.704/2025**

**ક્રિમીનલ કેસ નંબર:–૭૦૪/૨૦૨૫**

## આંક–૧ લગત હુકમ

૧. આજરોજ નામદાર નેશનલ લીગલ સર્વિસ ઓથોરીટીના ઉપક્રમે નેશનલ લોકઅદાલત યોજવામાં આવેલ છે. નામદાર ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ દ્ધારા સ્પેશ્યલ સીટીંગની મેજીસ્ટ્રેટને સતા આપવામાં આવેલ છે, તે મુજબ સદર કેસ આજ રોજ રાખવામાં આવેલ છે.

૨. ફરીયાદ પક્ષની ફરીયાદ હકીકત ટુંકમાં એવી છે કે, આરોપીએ આંક:૧ વાળી ચાર્જશીટમાં જણાવ્યા મુજબ આ કામના આરોપીએ બનાવના દિવસે, બનાવ સ્થળે પોતાના કબજાનું વાહન નશો કરેલી હાલતમાં ચલાવી લાવી તથા મો.સા.ચલાવવા બાબતનુ લાયસન્સ સાથે નહી રાખી પકડાઈ જઈ એમ.વી.એકટ કલમ– ૧૮૫,૩,૧૮૧ તથા પ્રોહી. એક્ટ કલમ ૬૬(૧)(બી) મુજબનો ગુનો કરેલ છે જે સબંધે અત્રેની અદાલતમાં ચાર્જશીટ થયેલ છે.

૩. આ કામે આરોપી તેમના વિ.વ.શ્રી મારફત અત્રેની અદાલતમાં હાજર થતાં, બી.એન.એસ.એસની કલમ: ૨૩૦ નું પાલન કરતા તેઓને પોલીસ તપાસના કાગળો ની નકલો આપવામાં આવેલ છે.

૪. બાદ બી.એન એસ એસની કલમ: ૨૭૪ અન્વયે આરોપીને ઉકત ગુના સંબંધેનો જવાબ લેતાં તેઓની પ્લી રેકર્ડ કરવામાં આવતા તેઓએ સ્વેચ્છાએ પોતાની સામેનો ગુનો કબુલ કરેલ છે. તથા તેમણે પોતાની સામેના ગુના અંગેની કબુલાત પુરશીશ પણ રજુ કરેલ છે.

૫. આરોપીએ પોતાની ગુના કબુલાત પુરસીશમાં દયાની અરજ કરેલ છે અને દલીલમાં જણાવેલ છે કે, તેઓ ગરીબ અને બાળબચ્ચા તથા કુટુંબ કબીલાવાળા ઈસમ છે તેમજ કુટુંબના ભરણ પોષણની જવાબદારી તેમના ઉપર છે, તેઓનો આ પ્રથમ ગુનો છે અને ભવિષ્યમાં આવી ઘટનાનું પુનરાવર્તન ન થાય તેમ જણાવી દયાની માંગણી કરેલ છે તથા આરોપીની કબુલાત આ સ્વેચ્છીક કબૂલાત જણાઈ આવે છે.

૬. આમ આરોપીને સ્વૈચ્છિક કબુલાત, પરિસ્થિતિ, દયાની માંગણી, કાયદાકીય જોગવાઈ તથા કેસના સંજોગો અને હકીકતોને ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**– :: હુકમ ::–**

આ કામના આરોપી: સંતોષભાઇ સોમાભાઇ ડુ.ભીલ રહે,બગલીયા તા.નસવાડી, જી.છોટાઉદેપુર નાઓને બી.એન.એસ.એસ.ની કલમ:૨૭૫ અન્વયે તેમની સામેના મોટર વ્હીકલ એકટની કલમ ૧૮૫,૩,૧૮૧ તથા પ્રોહી. એક્ટ કલમ ૬૬(૧)(બી)ના ગુનામાં તક્સીરવાર ઠરાવી રૂા.૨,૦૦૦/– (અંકે રૂા. બે હજાર પુરા) દંડ તેમજ આરોપી દંડની રકમ ન ભરે તો દિન–૧૦ની સાદી કેદ ની સજા નો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૧૧ મી જુલાઇ ને ૨૦૨૬ ના રોજ ને અદાલતમાં વાંચી, સંભાળાવી જાહેર કર્યો.

સ્થળ : તિલકવાડા
તારીખ:૧૧/૦૭/૨૦૨૬

**(એમ.એલ.ચોથાણી)**
જ્યુડી.મેજી.ફ.ક., તિલકવાડા
**જીજે૦૧૪૩૮**